મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

૦૭-૦૨-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### તમામ લોકોના પરિવારો આઘાતમાં; કોઈ બોલવા તૈયાર નથી

# અમેરિકાથી પાછા ધકેલાયેલા મોટાભાગના ગુજરાતી એક માસ કે એક વર્ષ પુર્વે જ ગયા હતા; ૧ કરોડ સુધીનો ખર્ચ કર્યો હતો

**સંપત્તિ વેચીને કે દેણુ કરીને ગયેલાઓ માથે આફતઃ હવે ન ઘરના કે ન ઘાટના જેવી હાલત**

**હજુ સેંકડોને પાછા ધકેલવાનુ જોખમ હોવાથી અનેક પરિવારોમાં ફફડાટ**

**એકાદ માસ પુર્વે જ ગયેલાને તો ડીટેકશન સેન્ટરમાં જ રખાયા હતા**

અમદાવાદ તા.૬

અમેરિકામાંથી ડીપોર્ટ કરાયેલા ૩૩ ગુજરાતી સહિત ૧૦૪ ભારતીયો અને તેના પરિવારજનો આઘાતમાં મુકાઈ જ ગયા છે. મોટાભાગના કિસ્સામાં પરત ધકેલાયેલા ગુજરાતીઓ છેલ્લા એકથી ત્રણ માસ પુર્વે જ અમેરિકા ગયા હતા અને તે માટે ૭૫ લાખથી એક કરોડ સુધીનો ખર્ચ કર્યો હતો. સંપતિ વેચીને કે નાણાં ઉધાર લઈને અમેરિકા જવાનુ સ્વપ્ન સાકાર કર્યુહતું તે રોળાઈ ગયુ છે અને હવે માથે ઓઢીને રોવાનો વખત આવ્યો છે.

આવતા દિવસોમાં હજુ સેંકડોની સંખ્યામાં ગુજરાતીઓ સહિતના ભારતીયોને હાંકી કાઢવામાં આવે તેવુ જોખમ ઉભુ જ હોવાથી પરિવારજનો ફફડી રહ્યા છે. આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર લવાયેલા અને પોલીસ સુરક્ષા હેઠળ વતન મોકલાયેલા ૩૩ લોકો અને તેમના પરિવારજનો હાલતુર્ત વાત કરવાનું ટાળી રહ્યા છે.

ગુજરાતમાં ૩૭ વ્યક્તિઓ પૈકી ૧૭ તો ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલ તાલુકાના વતની છે. મોટાભાગના વ્યક્તિઓના પરિચિત અથવા તો સગાઓ અમેરિકામાં વસવાટ કરી રહ્યાં છે. જેમની પ્રગિતિ જોઈને આ લોકોએ પણ અમેરિકા જવાનું પસંદ કર્યું હતું અને તે માટે જમીન વેચી તેમજ દેવું કરી એજન્ટ્સને પૈસા આપી અમેરિકા પહોંચ્યા હતાં. સ્થાનિકોના જણાવ્યાં અનુસાર, પરત આવેલાં તમામ વ્યક્તિઓ એકથી ત્રણ મહિના દરમિયાન ગામ છોડીને અમેરિકા જવા માટે નીકળ્યાં હતાં.

આ દરમિયાન મેક્સિકો બોર્ડર પાસે તેમને પકડી લેવામાં આવ્યાં હતાં અને આટલાં સમય સુધી તેઓને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા હતાં. સુરતના ડિંડોલીમાં રહેતા કેતુલ પટેલના પરિવારને પણ અમેરિકાથી તડીપાર કરવામાં આવ્યો છે.

આ લોકો એક વર્ષ પહેલા ફ્લેટ વેચીને વિદેશ ગયા હતા. ફ્લેટના નવા માલિક પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે, અમેરિકામાં તેમના ગેરકાયદેસર રોકાણ અંગેની માહિતી મળતાં તેમને દુઃખ થયું છે. કેતુલ પટેલે આવું ન કરવું જોઈતું હતું. જો તેને અમેરિકા જવું હતું તો તેણે કાયદેસર રીતે અમેરિકામાં જ રહેવું જોઈતું હતું.

કેતુલનો પરિવાર સ્વભાવે ઘણો સારો હતો. મેં તેમની પાસેથી એક એજન્ટ મારફતે ફ્લેટ ખરીદ્યો હતો. કેતુલના પિતા હસમુખ ભાઈ અમદાવાદના ખોરજમાં રહે છે. તે દરજીનું કામ કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. હસમુખ પટેલ સાથે વાત કરવામાં આવી તો તેમણે કેમેરા પર કંઈપણ કહેવાનો ઈંક્રાર કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના બોરૂ ગામના ગોહિલ પરિવારના ત્રણ સભ્યો પણ અમેરિકાથી ભારત પરત ફર્યા છે, જેમાં કિરણસિંહ ગોહિલ, તેમની પત્ની મિત્તલબેન અને પુત્ર હેયાંશનો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકો એક મહિના પહેલા જ અમેરિકા ગયા હતા.

કિરણ સિંહની માતાએ જણાવ્યું કે તેમનો પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર થોડા દિવસ પહેલા અમેરિકા ગયા હતા. તે અમેરિકા કેવી રીતે ગયો તેની તેની પાસે કોઈ માહિતી નથી. તે જ સમયે, જ્યારે કિરણની માતાને ખબર પડી કે તે ભારત પાછો આવી રહ્યો છે, ત્યારે તે ભાવુક થઈ ગઈ અને કહ્યું કે તે પાછો આવે તો સારું રહેશે, તે છેલ્લા ૧૫ દિવસથી તેની સાથે વાત કરી શકી નથી.તેને તેના પુત્રની ચિંતા થઈ રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે કિરણના અમેરિકા જવા અંગે તેમને કોઈ માહિતી નથી. તેણે કહ્યું કે તેના પરિવારની માલિકીની કુટુંબની જમીન છે. આ સિવાય તેમનો દીકરો અહીં નાની-મોટી નોકરી કરતો હતો.



### ટમેટા, કોબીજ જેવા શાકભાજી કરતા તો પશુનો ઘાસચારો મોંઘો

# મહેસાણા જિલ્લામાં શાકભાજીના ભાવ તળીયે : એક મહિના પૂર્વે રૂપિયા ૫૦ થી ૧૦૦ના કિલોના હવે રૂા.૫ થી ૨૦ થયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

માર્કેટયાર્ડમાં શાકભાજીની ભરપુર લોકલ આવતા શાકભાજીના ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે ૭૦ થી ૧૦૦ના કિલોએ વહેંચાતું શાકભાજી હાલ રૂા.૧૦ થી ૨૦ના કિલોએ વહેંચાય રહ્યું છે. હાલ યાર્ડમાં શાકભાજીની પુષ્કળ આવક થઈ રહી છે.



શિયાળાની શરૂઆતમાં શાકભાજીના ભાવ આસમાને હતા. શિયાળા પૂર્વે માવઠુ પડતા વાતાવરણ ખરાબ હોવાથી પાક બગડ્યો હતો જેના પરિણામે શાકભાજીની આવક ઓછી હતી અને ગુણવત્તા પણ સારી ન હોવાથી ભાવ પણ ઉંચા હતા, પરંતુ ત્યારબાદ કડકડતી ઠંડી પડતા શાકભાજીની મબલક આવક શરૂ થઈ ચૂકી હતી. છતાં ભાવ નીચા આવતા ૧૫ દિવસ લાગ્યા હતા.

શિયાળાની શરૂઆતના ૧૫ દિવસ બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો થયો હતો અને હાલ ભાવ તળીયે પહોંચી ગયા છે. એક મહિના પૂર્વે વટાણા, ટમેટા, ભીંડો, લીંબુ, આદુ, બટેટા, મરચા રૂા.૫૦ થી ૧૦૦ કિલોએ વહેચાતા હતા. પરંતુ હાલ આ શાકભાજીના ભાવ રૂા.૧૦ થી ૨૦ના કિલો થઈ ગયા છે. કડકડતી ઠંડી પડવાથી બહોળા પ્રમાણમાં સારી ગુણવત્તાવાળા શાકભાજીની આવક થઈ રહી છે.

હાલ યાર્ડમાં સંપૂર્ણ લોકલ આવક આવી રહી છે. વટાણા મધ્ય પ્રદેશથી આવી રહ્યા છે. મરચા, ગીસોડા, ગલ્કા, ગુવાર, ભીંડો ગુજરાતના અન્ય શહેરોમાંથી આવી રહ્યા છે.

હજુ પણ ભાવ ઘટેલા જ રહેશે. હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી છે. જો માવઠુ પડશે તો ફરી પાક બગડશે અને ભાવ ફરી વધવાની શક્યતા છે.

હાલ યાર્ડમાં લીંબુ રૂા.૧૦ થી ૩૫, બટેટા રૂા.૧૦ થી ૧૭, ડુંગળી રૂા.૬ થી ૨૦, ટમેટા રૂા.૩ થી ૫, કોથમરી રૂા.૩ થી ૫, રીંગણા રૂા.૧૦ થી ૨૫, કોબીજ રૂા.૨ થી ૫, ફ્લાવર રૂા.૫ થી ૧૫, ભીંડો રૂા. ૩૫ થી ૫૦, ચોળા સીંગ રૂા. ૫૦ થી ૭૦, વાલોળ રૂા.૧૦ થી ૧૫, દુધી રૂા.૫ થી ૧૦, ગાજર રૂા.૧૦ થી ૨૦, વટાણા રૂા.૨૦ થી ૩૦, મેથી રૂા.૫ થી ૧૫, આદુ રૂા.૩૦ થી ૩૫, મરચા ૧૦ થી ૩૦ રૂા.કિલોએ વહેંચાય રહ્યા છે.

### ONGC મહેસાણા તથા સી.એસ. આર ફંડ હેલ્થ ઇન્ડિયન રેડ ક્રોસ દ્વારા CPR ની તાલીમ આપવામાં આવી

# કડી કરણનગર પ્રાયમરી સ્કુલ ખાતે CPR ની તાલીમ આપવામાં આવી

(ગરવી તાકાત) કડી તા.૬

હાર્ટ એટેકના વધતા પ્રમાણને ધ્યાને લઈ **CPR** તાલીમ લેવાની સરકારની સૂચનાને અનુસરતા સમગ્ર શિક્ષણ પરિવાર, કડી દ્વારા શિક્ષણ ક્ષેત્રે કાર્યરત શિક્ષકો સહિતના કર્મચારીઓ અધિકારીઓને તાલીમ આપવાનું સઘન આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, હૃદય રોગના હુમલાના ઘણા કિસ્સાઓમાં દર્દીને સમયસર સ્થળ પર જ ઝૅઈ ટ્રીટમેન્ટ મળી જવાના કારણે જીવ બચી ગયો હોવાના દાખલા નોંધાયા છે. ત્યારે શાળાના બાળકો પૈકી કોઈને જો હૃદય રોગના હુમલો આવે તેવી સંભાવના ધ્યાને રાખીને સરકાર દ્વારા શિક્ષકોને



આ તાલીમ આપી સજ્જ કરવાની સૂચના આપવામાં આવી છે. તેને અનુસંધાને **ONGC** મહેસાણા કંપની દ્વારા સી.એસ. આર ફંડ હેલ્થ ઈન્ડિયન રેડ ક્રોસ ગુજરાત રાજ્ય શાખા અમદાવાદ દ્વારા મહેસાણા જિલ્લા ની તમામ પ્રાથમિક શાળા ઓ માં આ **CPR** ની તાલીમ યોજવામાં આવતી હોય છે જેમાં આ રેડ ક્રોસ ના તાલીમ અધિકારીઓ દ્વારા કડી તાલુકા ની અંદર આવેલ વિવિધ પ્રાથમિક શાળાઓ માં આ તાલીમ આપવામાં આવતી હોય છે.

જ્યારે કોઈ વ્યક્તિ પીડાય ત્યારે લોહીનો પ્રવાહ બંધ થઈ જાય છે હૃદય સ્તંભતા હાર્ટ એટેક, ગૂંગળામણ અથવા ડૂબવા જેવા સંજોગોને કારણે. આવા કિસ્સાઓમાં, હૃદય મગજ અને અન્ય મહત્વપૂર્ણ અવયવોમાં ઓક્સિજન યુક્ત રક્ત પંપ કરવાનું બંધ કરે છે.જો કે, જૈવિક રીતે, આવી વ્યક્તિ હજુ પણ મગજ અને અન્ય મહત્વપૂર્ણ અવયવોમાં લોહીના પ્રવાહને ઝડપથી પુનઃસ્થાપિત કરીને પુનર્જીવિત કરી શકાય છે. ક્લિનિકલ ડેથ અને જૈવિક મૃત્યુ વચ્ચે લગભગ દસ મિનિટનો સમય છે, જે આપણને મગજને જીવંત રાખવા અને વ્યક્તિનું જીવન બચાવવાની તક આપે છે. ઝૅઈ છાતીના બાહ્ય સંકોચન અને બચાવ શ્વાસો સાથે મગજમાં લોહી પંપ કરીને મગજને જીવંત રાખવામાં મદદ કરી શકે છે.

કડી કરણનગર ખાતે આવેલ પ્રાયમરી સ્કુલ ખાતે **ONGC** મહેસાણા તથા સી. એસ. આર ફંડ હેલ્થ ઈન્ડિયન રેડ ક્રોસ દ્વારા સ્કૂલ ના શિક્ષકો તથા બાળકો ને **CPR** ની તાલીમ આપવામાં આવી હતી. જેમાં દરેક બાળકો ને પ્રમાણપત્ર અને શાળા ને ફર્સ્ટ એઈડ બોક્સ આપવામાં આવ્યું હતું. તથા આપતકાલીન સ્થિતિમાં કઈ રીતે બાળ મદદ કરી શકે તેને લઈને બાળકોને તાલીમ આપવામાં આવી હતી.

કડી કરણનગર પ્રાયમરી સ્કુલ ના આચાર્ય વડાવિયા લીનિયન તથા સ્કૂલ ના શિક્ષકો તથા આશરે ૨૨૩ બાળકો ને રેડ ક્રોસ ના ટ્રેનર હેતલબેન તેમજ તેમની ટીમ દ્વારા **CPR** ની તાલીમ આપવામાં આવી હતી.

### વિદેશ ગયેલી શિક્ષિકાએ નોટિસનો જવાબ પણ આપ્યો નથી

# મહેસાણાના જોરણંગ પ્રાથમિક શાળાની વિદેશ ગયેલી શિક્ષિકાને ડીઇઓએ બરતરફ કરી દીધા

(ગરવી તાકાત) મહેસાણા,તા.૬

મહેસાણામાં વિદેશ ગયેલી શિક્ષિકાને બરતરફ કરી દેવા છે. વિદેશ ગયેલી શિક્ષિકાએ નોટિસનો જવાબ પણ આપ્યો નથી. મહેસાણાના જોરણંગ પ્રાથમિક શાળાની શિક્ષિકાને બરતરફ કરવામાં આવ્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિના સમયગાળામાં બાંયધરી આપી હતી. તેમણે કોઈ અગમ્ય કારણોસર ગેરહાજર નહીં રહેવા બાંયધરી આપી હતી.

તેમણે પોતે બાંયધરી આપી હોવા છતાં પણ કીપણ જાતની મંજૂરી વગર વિદેશ ગયા હતા. શિક્ષિકા મીનાબેન પટેલ કોઈપણ પ્રકારની મંજૂરી વગર વિદેશ ગયા હતા. તેઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ગેરહાજર હતા. તેમણે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગી હતી. તેઓ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩થી જાણ કર્યા વગર વિદેશ જતાં રહ્યા હતા.

તેમને છ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંતિમ નોટિસ આપવામાં આવી હતી. તેમણે ખુલાસો મોકલવા માટે ઈમેઈલ મારફતે ત્રણ માસનો સમય માંગ્યો હતો. તે હાજર થવાની તારીખ હાજર ન થતાં તેમને બરતરફ કરવામાં આવ્યા છે. ડીઈઓએ શિક્ષિકાને સેવામાંથી બરતરફ કર્યા છે. ગયા વર્ષે આવા જ એક શિક્ષિકા ચાલુ નોકરીએ વિભાગને કશું જ કહ્યા વગર રજા પર હોવાની વાત બહાર આવી હતી.

રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકા વિદેશમાં હોવાનું જાણવા મળ્યું હતું. બકીનાબેન પટેલ છેલ્લા દસ માસથી વિદેશમાં હતા. તેઓ મેડિકલ રજાના બ્હાને વિદેશમાં ગયા હતા.

તેઓ એનઓસી મેળવ્યા વગર વિદેશમાં ગયા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓએ એનઓસી મેળવ્યું ન હોવા છતાં શિક્ષણ વિભાગે તેમને એકપણ નોટિસ આપી નથી. તેઓ વિદેશમાં ગયા છે તેવા સંજોગોમાં મેડિકલ ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે. આ રીતે મેડિકલ કઈ રીતે ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે.

હવે તેઓ આ રીતે વિદેશ ગયા છે તે તેમની સામે શિક્ષણ વિભાગે હજી સુધી કોઈ કાર્યવાહી કેમ કરી નથી. આ શિક્ષિકા છેલ્લા દસ મહિનાથી વિના મંજૂરીએ વિદેશમાં છે. તેઓ અગાઉ ત્રણ માસ માટે વિદેશમાં ગયા હતા. વિદેશમાંથી પાછા આવીને મેડિકલના બ્હાને રજા પર છે. હવે શિક્ષિકાને વિદેશથી ઈ-મેઈલ મારફતે રિપોર્ટ શિક્ષણ વિભાગે કઈ રીતે મંજૂર કર્યા તે સવાલ છે. હવે સરકારી નિયમોનો સરેઆમ કરતા આ શિક્ષિકાને તાત્કાલિક ધોરણે બરતરફ કરવામાં આવે તે જરૂરી છે.

### તાલુકામાં અંધેરી નગરી ગંડુ રાજા જેવો માહોલ

# બનાસકાંઠા જિલ્લાના સૂઇગામ તાલુકાની ગ્રામ પંચાયતમો વહીવટદારોને ઘી કેળા

(ગરવી તાકાત) સૂઈગામ તા.૬

બનાસકાંઠા જિલ્લાના સરહદી સૂઈગામ તાલુકાની ૧૫ વધારે ગ્રામ પંચાયતો માં અત્યારે વહીવટદારો ની નિમણુંક કરેલી હોય જે વિકાસની ગ્રાન્ટ આવે તે મનફાવે તેમ વાપરી મસમોટું કૌભાંડ કરી રહ્યા છે,મોટાભાગની ગ્રામ પંચાયતોમાં તલાટીઓની જ વહીવટદાર તરીકે અરસ પરસ નિમણૂક કરેલી છે, જેને લઈ જે તે ગ્રામ પંચાયતના વહીવટદાર તલાટીઓ ભેગા મળી ગામના વિકાસની ગ્રાન્ટને મનફાવે તેમ વાપરી રહ્યા છે, જ્યારથી વહીવટદારોની નિમણુંક થઈ ત્યારથી ક્યારેય ગ્રામસભા ભરાઈ નથી, જે તે ગ્રામ પંચાયતના વહીવટ દારો અન્ય ગ્રામ પંચાયતોમાં તલાટી તરીકે ફરજ બજાવતા હોઈ મોટા ભાગે ટકાવારી લઈ કોન્ટ્રાક્ટરો મારફત કામ કરવામાં આવી રહ્યા છે,જેને લઈ ગામડાઓમાં સરકારની વિકાસની ગ્રાન્ટમાં જે કામો થાય તેમાં મોટી ગેરરીતિ અચરાઈ રહી છે,વહીવટદારોની મનસ્વી કામગીરી અને જે તે કામોમાં થતી કામગીરી બાબતે જિલ્લા કક્ષાએથી ઓચિંતી તપાસ કરવામાં આવે તો મોટા ભાગની વહીવટદાર થી ચાલતી ગ્રામ પંચાયતોમાં થી મોટી ગેરરીતિ બહાર આવી શકે તેમ છે, સૂઈગામ તાલુકામાં અત્યારે વહીવટ દારો ની બોલ બાલા ચાલી રહી છે ત્યારે ગ્રામ પંચાયત વિકાસ ના જે કામો આવે તેને આડે ધડ કરીને મોટા ભાગના બિલ પાસ કરાવી દેતા હોય છે ત્યારે જિલ્લા જિલ્લા ડી.ડી. ઓ શ્રી વહીવટ દારો જે ગ્રામ પંચાયત ની અંદર કામ કર્યા તેની તપાસ થાય તો મસમોટું કૌભાંડ બહાર આવશે.એમાં જોવા જઈએ તો મહિલા ટી.ડી.ઓ જ્યારથી આવ્યા ત્યારથી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં થતા કામોમાં મોટી ગેરરીતિ થઈ રહી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે,છતાં કોઈ તપાસ કરાતી ના હોઈ તાલુકામાં અંધેરી નગરીમાં ગંડું રાજા જેવો ઘાટ સર્જાયો છે.




# ભીડને ભાન કેમ ભૂલાઈ જાય છે?

નાસભાગ અને અફરાતફરીને કારણે લોકો કચડાઈ જાય અને જીવ ગુમાવી દે એવું પહેલીવાર નથી થયું અને કમભાગ્યે કહેવું પડે છે કે છેલ્લી વાર પણ નથી. આ વખતે એનું સ્થળ પ્રયાગરાજ હતું, આ પહેલા હાથરસમાં બાબા હરિ સરકારના સત્સંગનું સ્થળ હતું, એ પહેલા એક વાર મુંબઈનું એક સ્ટેશન હતું. મૃતકોના આંકડા અને ચહેરા બદલાયા. પીડા, દુઃખ દર્દ અને નિઃસહાયતા એ જ રહી. આયોજન, વહીવટ કે સરકાર પર આક્ષેપ નાખીને પરિણામ તો એનું એ જ રહે છે. જે ઘરે બેસીને સમાચાર વાંચે કે જોવે છે તેઓ ત્યાં જનાર લોકોને પણ મૂરખમાં ખપાવે છે. એવું શું છે કે લોકો તમામ ભાન સાન ભૂલી જાય છે અને ટોળાનું એક ઉડી ગયેલું તણખલું બની જાય છે. ક્યારેક કોઈ ભીડ થાય છે ત્યારે એક નિર્દોષ પર પથ્થર મારે છે તો ક્યારેક કોઈ ભીડ ભેગી થઈને પબ્લિક ટાન્સપોર્ટના વેહિકલને આગ ચાંપે છે. ટૂંકમાં ભીડ ક્યારેય બૌદ્ધિક અને સંતુલિત નિર્ણય નથી કરતી એ વાસ્તવિકતા છે.

આપણે જયારે વ્યક્તિ મટીને ટોળું બનીએ છીએ ત્યારે વૈયક્તિક જ્ઞાન કે બૌદ્ધિક ક્ષમતા સાથેના વર્તન કે નિણર્ય શક્ય નથી બનતા. આપણે જયારે બહુમતીમાં ભળી જઈએ છીએ ત્યારે ખોટું કરીએ તો પણ તે સત્ય પુરવાર થાય છે. તમે જ્યારે વ્યક્તિ માટીને ટોળું બનો છો ત્યારે તમને સમૂહમાં હોવાની સલામતી ચોક્કસ મળે છે પરંતુ તમે તમારી વ્યક્તિતા ખોઈ બેસો છો. અને વાસ્તવિકતા એ પણ છે કે આપણે જો બહુમતી સાથે ન ચાલીએ અને પોતાના નિર્ણય પર અડગ રહીએ તો એકલા પડી જવાનો ભય રહે છે. તમામ સંઘર્ષ એકલા હાથે લડવા માટેની શક્તિ હોય તો જ પોતાનો માર્ગ જાતે પસંદ કરીએ છીએ. કારણકે એસોશિયેશન એટલે કે જોડાણ આપણી ઉત્ક્રાંતિના ઈતિહાસમાં પણ જોવા મળે છે. માણસ જાતને જયારે અન્ય તમામ પ્રાણી સાથે લડત આપીને અસ્તિત્વ ટકાવી રાખવાનું હતું ત્યારે સમૂહમાં રહેવાના નિર્ણયને કારણે આજે એ દ્રશ્ય આપણી સામે છે જેમાં માણસ ભલભલા પ્રાણીને પાંજરામાં પુરી શકે છે અને જંગલ ફરતે પણ દીવાલો ચણી શકે છે.

સમૂહ,જૂથ, ટીમ અને ટોળામાં તફાવત છે. જયારે સરખા હેતુ અને આપસી સમજણ સાથે કોઈ એક હેતુ કે ઉદ્દેશને સિદ્ધ કરવા માટે લોકો મળે,વિચારોનું આદાન પ્રદાન કરે અને મૂલ્યો માટે સ્પષ્ટ હોય ત્યારે સકારાત્મક પરિણામ લાવી શકે છે. પરંતુ જયારે કશું જ વિચાર્યા વગર અજાણ્યા માણસો માત્ર આકસ્મિક રીતે જોડાય છે ત્યારે એમાં દિશા અને સમજણનો અભાવ હોય છે. તમે જોયું હશે કે કોઈ ધર્મગુરુ કે પોલિટિકલ પાર્ટીમાં એકસાથે હેશો હેશો કરતા લોકોમાં સિત્તેર ટકા લોકોમાં પોતાની ઈચ્છા કે નિર્ણય નથી હોતાં. ક્યારેક અંધશ્રદ્ધા તો ક્યારેક ઘેલછામાં જોડાયેલ બહુમતી લોકો પ્રવાહનો એક ભાગ બની જાય છે કારણકે એમાં એમને જોડાણ અને સલામતીનો અનુભવ થાય છે. ગુજરાતી ભાષામાં એક કહેવત છે,જે સૌનું થાય તે વહુનું થાય. ટોળાને પણ આ લાગુ પડે છે. જ્યારે કોઈ ભૂલ કરીએ તો એમાં પણ વધુ લોકો જોડાયા હોય ત્યારે સજાનો ભય ઓછો રહે છે.


ક્રાઉડ સાયકોલોજી અનુસાર ટોળામાં મોટે ભાગે વ્યક્તિગત જવાબદારીનો અભાવ હોય છે. એકસાઈટમેન્ટ વધુ હોય છે પણ તેનો ઉપયોગ અર્થપૂર્ણ નથી હોતો. અહીં વ્યક્તિ પોતાની ઈન્ડીવિજ્યુઆલીટી અને આઈડેન્ટીટી ગુમાવીને ટોળા સાથે ભળી જાય છે. કમનસીબે ટોળામાં પોતીકી કોન્શિયસનેસ અદ્રશ્ય થઈ જાય છે અને વિભાજીત -શેર કોન્શિયસનેસ સપાટી એ આવી જાય છે અને તેને પરિણામે વર્તનમાં બૌધિક પાસું ઓછું જોવા મળે છે. આથી ટોળા દ્વારા થતા વર્તનમાં ભૂલ અને ગુનાનું પ્રમાણ વધતું જાય છે. ખરેખર તો કલેકટીવ બિહેવિયર જે તે સમયની માંગ અનુસાર, સ્થળ અને સંજોગો અનુસાર પ્રમાણમાં વધુ લોકો દ્વારા થતું વર્તન છે જેનો સમયગાળો પ્રમાણમાં ઓછો હોય છે. અહી મુખ્ય સમસ્યા એ છે કે જે તે વર્તનના પરિણામની ઓળખ કે ચિંતા કોઈને નથી હોતા. જે તે સમયના અરાઉઝલ (ઉન્માદ )નો ભોગ બધા બને છે અને આથી જ ટોળા દ્વારા થતા વર્તનમાં ગુનાઈત પ્રવૃત્તિ મોખરે રહી છે

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# આતંકવાદ સામેની લડાઈને વધુ તીવ્ર બનાવો : અમિત શાહે સુરક્ષા એજન્સીઓને સૂચનાઓ આપી

નવીદિલ્હી,તા.૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તમામ સુરક્ષા એજન્સીઓને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામેની લડાઈ વધુ તીવ્ર બનાવવાનો નિર્દેશ આપ્યો. ગૃહમંત્રીએ ‘શૂન્ય ઘૂસણખોરી‘ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આ આદેશ આપ્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે શાહે બે દિવસમાં બે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારના સતત અને સંકલિત પ્રયાસોને કારણે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનું ઈકોસિસ્ટમ નબળું પડી ગયું છે. તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને ઘૂસણખોરો અને આતંકવાદીઓ સાથે



વધુ કડક રીતે વ્યવહાર કરવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું કે તેમનો સંપૂર્ણ નાશ કરવો જ જોઈએ.

એક સત્તાવાર પ્રકાશન અનુસાર, ગૃહમંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને ‘શૂન્ય ઘૂસણખોરી‘ ના ઉદ્દેશ્ય સાથે આતંકવાદ સામેની લડાઈને વધુ તીવ્ર બનાવવા જણાવ્યું છે. શાહે કહ્યું, ‘આપણો ઉદ્દેશ્ય આતંકવાદીઓને જડમૂળથી ઉખેડી નાખવાનો હોવો જોઈએ.‘ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી આતંકવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. ડ્રગના વેપાર દ્વારા આતંકવાદી ભંડોળને તાત્કાલિક અને કડક રીતે અંકુશમાં લેવું જોઈએ. ગૃહમંત્રીએ મંગળવાર અને બુધવારે સતત બે બેઠકોમાં સેના, પોલીસ, અર્ધલશ્કરી દળો અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી.

તમને જણાવી દઈએ કે આ પહેલી વાર હતું જ્યારે ગૃહમંત્રી અમિત શાહે સતત બે દિવસ સુધી જમ્મુ અને કાશ્મીરની સુરક્ષા સ્થિતિ પર આટલી વિગતવાર ચર્ચા કરી હતી

## મહિલા પ્રોફેસરે વિદ્યાર્થી સાથે લગ્ન કરી માંગ ભરાવી : વિવાદ થતા કહ્યું - એ મનો નાટક હતું

# મહિલા પ્રોફેસરે રાજીનામુ ધરી યુનિવર્સિટીની તપાસ સમિતિ સામે કાનૂની કાર્યવાહીની ધમકી આપી

કોલકાતા,તા.૬

પશ્ચિમ બંગાળમાં સરકાર સંચાલિત મૌલાના અબુલ કલામ આઝાદ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી (સ્છટ્ઠદ્બછ્)માં એપ્લાઇડ સાયકોલોજી વિભાગના મુખ્ય મહિલા પ્રોફેસરે તેમના પદ પરથી રાજીનામું આપવાની ઓફર કરી છે.

સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો વાયરલ થયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. જેમાં તેઓ પોતાના જ વિભાગના પ્રથમ વર્ષના વિદ્યાર્થી સાથે બંગાળી રીતિ-રિવાજ મુજબ વર્ગખંડમાં લગ્ન કરતા જોવા મળ્યા હતા.

આ વીડિયો ૨૮ જાન્યુઆરીના રોજ સામે આવ્યો હતો અને ત્યારથી આ મુદ્દાએ જોર પકડ્યું છે. યુનિવર્સિટી પ્રશાસને પ્રોફેસરને રજા પર જવા કહ્યું હતું. આ પછી, ૧



ફેબ્રુઆરીના રોજ, તેમણે યુનિવર્સિટીને એક ઈ-મેલ મોકલીને પ્રવર્તમાન પરિસ્થિતિઓને કારણે તેમના પદ પર ચાલુ રહેવામાં અસમર્થતા વ્યક્ત કરી અને રાજીનામું આપ્યું હતું.

વાયરલ વીડિયો ક્લિપમાં, મહિલા પ્રોફેસર દુલ્હન જેવો પોશાક પહેરેલી જોવા મળે છે અને આ દ્રશ્ય સ્છટ્ઠદ્બછ્‌ના હરિંઘટા કેમ્પસમાં એક વર્ગખંડની અંદર શૂટ કરવામાં આવ્યું હતું. જ્યારે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, ત્યારે યુનિવર્સિટી અને શિક્ષણવિદોમાં તેની ઘણી ચર્ચા થઈ.

જોકે, પ્રોફેસર કહે છે કે તે વાસ્તવિક લગ્ન નહોતા પરંતુ એક મનો-નાટક પ્રોજેકટના ભાગ રૂપે રજૂ કરાયેલ નાટક હતું, જે વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીની સંમતિથી આયોજિત કરવામાં આવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે, તેમના એક સાથીએ તેમની છબી ખરાબ કરવા અને તેમની કારકિર્દી બગાડવા માટે જાણી જોઈને વીડિયો લીક કર્યો હતો.

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, યુનિવર્સિટી વહીવટીતંત્રે પાંચ સભ્યોની તપાસ સમિતિની રચના કરી, જેમાં તમામ મહિલા ફેકલ્ટી સભ્યોનો સમાવેશ થતો હતો. તેના અહેવાલમાં, સમિતિએ પ્રોફેસરના દાવાને ફગાવી દીધો પ્રોફેસર કહે છે કે તે પોતાની સામાજિક અને શૈક્ષણિક પ્રતિષ્ઠાને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે કાનૂની કાર્યવાહી કરશે.

## લોન સસ્તી થશે કે નહીં, આવતીકાલે આરબીઆઇની એમપીસી ફેંસલો કરશે

# ઘરોના વેચાણમાં ઘટાડો થયો : હાઉસીંગ સેકટરને હવે આરબીઆઇ પાસે આશા

**આરબીઆઇ રેપોરેટ ઓછામાં ઓછો ૨૫ બેઝીસ ઘટાડે તો રિયલ એસ્ટેટ સેકટરને બુસ્ટ મળશે : નિષ્ણાંતો**

નવી દિલ્હી, તા. ૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનટરી કમીટીની બેઠક બુધવારે શરૂ થઈ હતી, આવતીકાલે શુક્રવારે તે પોતાનો ફેંસલો સંભળાવશે. ડેવલપર્સનું કહેવું છે કે બજેટમાં કધઝ્યુમ્શન (વપરાશ) વધારવાના ઉપાયો બાદ હવે રેપોરેટમાં ૨૫ બેઝીસ પોઈન્ટમાં પણ ઘટાડો કરી દેવામાં આવે તો રિયલ એસ્ટેટ સેકટરને બુસ્ટ મળશે. કારણ કે ગત વર્ષે ઘરોનું કુલ વેચાણ ૯ ટકા ઓછું રહ્યું હતું.

એનારોક કંપનીના ચેરમેન અનુજ પુરીએ કહ્યું હતું, બજેટમાં એકના બદલે બે સેલ્ફ ઓકયુપાઈડ પ્રોપર્ટીજને ટેકસ ફ્રી કલેમ કરવાની



છુટ આપવામાં આવી છે. રેટ પર ટીડીએસની પ્રક્રિયા સરળ થવાની મકાન માલિક માટે સરળ થશે. નાના શહેરોમાં હોમ ઓનરશીપને પ્રોત્સાહન મળશે. જોકે એફોર્ડેબલ હાઉસીંગ સેકટર માટે સીધી રીતે મોટી જાહેરાતો નથી થઈ.

કેડાઈના ચેરમેન અને ગૌડ ગ્રુપના સીએમડી મનોજ ગૌડે કહ્યું હતું કે બજેટે મિડલ કલાસના બારામાં સરકારની અનુકુળ નીતિઓનો સંકેત આપ્યો છે. અમને આશા છે કે આરબીઆઈ આ દિશામાં પગલા લેશે અને રેપોરેટ કમ સે કમ ૨૫ બેઝીઝ પોઈન્ટ ઘટાડશે. આથી રીયલ એસ્ટેટ સેકટરને પ્રોત્સાહન મળશે.

ગોલ્ડન ગ્રોથ ફંડના સીઈઓ અંકુર ઝાલાને જણાવ્યું હતું કે ઈકોનોમિક ગ્રોથને ઘટતો જોતા આ વ્યાજ દર ઘટાડવાનો ખરો સમય છે. બજેટમાં ૧૨ લાખ રૂપિયા સુધીની ઈક્રમ પર ટેકસ છુટ અને આ રેટ કરથી રિયલ એસ્ટેટ સહિત બધા સેકટરોમાં આર્થિક ગતિવિધિ વધશે. નાઈટ ફ્રેક ઈન્ડિયાના સીએમડી શિબિર બૈજલે જણાવ્યું હતું કે રેટ કરથી ખાસ કરીને લોઅર અને મીડ ઈક્રમ સેગમેન્ટસમાં સેન્ટીમેન્ટ મજબુત થશે.

# જાહેર સ્થળોએ તમાકુ અને સોપારી થૂંકવા પર ભારે દંડ થશે, બંગાળ વિધાનસભામાં બિલ પસાર થશે

કોલકાતા,તા.૬

પશ્ચિમ બંગાળમાં જાહેર સ્થળોએ તમાકુ કે પાન મસાલા થૂંકવાની આદત ધરાવતા લોકો માટે મુશ્કેલ દિવસો આવી રહ્યા છે કારણ કે આગામી બજેટ વિધાનસભા સત્રમાં, પાન મસાલા કે તમાકુ થૂંકવા જેવા ગુનાઓ માટે એક બિલ રજૂ કરવામાં આવશે, જેમાં ભારે દંડની જોગવાઈ હશે. મંગળવારે રાજ્ય સચિવાલય નબન્નામાં યોજાયેલી પશ્ચિમ બંગાળ કેબિનેટની બેઠકમાં આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવ્યો.

‘મુખ્યમંત્રીએ પોતે જાહેર સ્થળોએ તમાકુ ચાવવા, પાન મસાલા અથવા પાનના અવશેષો થૂંકવાના



વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ખાસ કરીને ડાઘની ટીકા કરી હતી કારણ કે આવા થૂંક ઘણીવાર નવી રંગાયેલી દિવાલો અને ફૂટપાથ પર થાય છે, જે રાજ્ય સરકારના સુંદરીકરણના પ્રયાસોને અવરોધે છે,× રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું. આ પછી, આવા ગુનાઓ માટે ભારે નાણાકીય દંડની જોગવાઈ સાથે બિલ રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું.

જોકે, હજુ સુધી એ નક્કી કરવામાં આવ્યું નથી કે કેટલો દંડ ફટકારવામાં આવશે. સૂત્રો કહે છે કે આવા કોઈપણ ગુના માટે ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. પશ્ચિમ બંગાળ જાહેર સ્થળોએ થૂંકવા પર પ્રતિબંધ કાયદો, ૨૦૦૩ પહેલેથી જ અમલમાં છે, જે હેઠળ જાહેર સ્થળોએ થૂંકવા બદલ મહત્તમ દંડ ૨૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે.

જોકે, આ કાયદાની વ્યવહારિક ઉપયોગિતા અને રીઢો ગુનેગારોમાં ઓછી સજાને કારણે તેમના પર પ્રતિબંધક પાસા પર વારંવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. કદાચ આ જ કારણસર, નવા બિલમાં દંડની રકમ પાંચ ગણી વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જોકે, પ્રશ્ન એ છે કે દરેક વિભાગમાં માનવશક્તિની અછતને ધ્યાનમાં રાખીને, સંબંધિત અમલીકરણ એજન્સીઓની અમલીકરણ ક્ષમતા કેટલી અસરકારક રહેશે.

તમને જણાવી દઈએ કે આ વર્ષે રાજ્યનું બજેટ સત્ર ૧૦ ફેબ્રુઆરીથી શરૂ થશે. પશ્ચિમ બંગાળના નાણાં વિભાગના પ્રભારી રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ચંદ્રિમા ભટ્ટાચાર્ય ૧૨ ફેબ્રુઆરીએ રાજ્ય બજેટ પ્રસ્તાવ રજૂ કરશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો.

**વૃષભઃ** આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઇનલ થશે.

**મિથુનઃ** તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

**કર્કઃ** આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે.

**સિંહઃ** આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

**કન્યાઃ** આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

**તુલાઃ** આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

**ધનઃ** આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

**મકરઃ** આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

**કુંભઃ** આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

**મીનઃ** આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.



## ફિલ્મી ગપશપ

### શું સાઉથની ફિલ્મો ખરેખર ગેમ ચેન્જર છે?

### બોલિવૂડની ફિલ્મો કે દક્ષિણ ભારતીય ફિલ્મો બોક્સ ઓફિસ પર કમાણીની દંષ્ટિએ કોણ શ્રેષ્ઠ?

હિન્દી બજારમાં મોટા બજેટની દક્ષિણ ફિલ્મો તાજેતરમાં નિષ્ફળ ગઈ છે જે સાઉથ સિનેમાના વર્ચસ્વની દ્રષ્ટિએ એક મોટો પડકાર છે. નિર્માતાઓ હવે પ્રાદેશિક ફિલ્મો, ખાસ કરીને દક્ષિણની, પ્રાદેશિક ફિલ્મો માટેનાં તેમનાં પ્રદર્શન પર સવાલ ઉઠાવી રહ્યાં છે. તેલુગુ સિનેમાનું વર્ચસ્વ હવે એક અપવાદ છે, જે ઘણીવાર ટિકિટનાં ઊંચા ભાવ પર નિર્ભર છે.

ગેમ ચેન્જર (તેલુગુ), યુઆઈ (કન્નડ) અને કંગુવા (તમિલ) જેવી મોટા બજેટની ફિલ્મો તાજેતરમાં બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી છે, જે હિન્દી ફિલ્મનાં બજારમાં બારેમાસ પ્રભુત્વ ધરાવતી તેની માન્યતા પર સવાલો ઉઠાવી રહી છે.

નિર્માતાઓ અને વિશ્લેષકો આ માન્યતા પર ફરીથી મૂલ્યાંકન કરી રહ્યાં છે કે સાઉથ સિનેમા સતત બોલીવુડની આગળ રહ્યું છે. ઉદ્યોગ નિરીક્ષકો હવે એક નિર્ણાયક પ્રશ્ન પૂછે છે કે શું સાઉથ સિનેમા ખરેખર સારું પ્રદર્શન કરી રહ્યું છે ?

બોક્સ ઓફિસ કલેક્શન, અને લોકોની ભીડ જેવાં મુખ્ય માપદંડો બતાવે છે કે પ્રાદેશિક ફિલ્મો-ખાસ કરીને દક્ષિણ ફિલ્મો હિન્દી પ્રેક્ષકોને આકર્ષિત કરવામાં એટલી સફળ રહી નથી.

મીડિયા અને મનોરંજન સંશોધન કંપની ઓર્મેક્સ મીડિયાનાં બોક્સ ઓફિસના અહેવાલ મુજબ ૨૦૨૪ માં સાઉથ ફિલ્મોનાં પ્રદર્શન હિન્દી ફિલ્મોથી નોંધપાત્ર રીતે અલગ રહ્યાં નથી. ૨૦૨૪ માં તમિળ અને કન્નડ ફિલ્મોનાં બોક્સ ઓફિસ કલેક્શનમાં ૨૦૨૩ની તુલનામાં ૩-૭ ટકાનો ઘટાડો થયો છે.

આંખે અને સિંઘ ઈઝ કિંગ જેવી હિટ્સ માટે જાણીતાં ફિલ્મ નિર્માતા વિપુલ અમૃતલાલ શાહે જણાવ્યું હતું કે, ‘લોકો મર્યાદિત સંખ્યામાં સાઉથ હિટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને માની લે છે કે બધી ફિલ્મો હિટ હોય છે. આખરે, એક ફિલ્મની વાર્તા કામ કરવાની છે, ભલે તેની મૂળ ભાષા ગમે તે હોય.’દક્ષિણની ફિલ્મોનું હિન્દીમાં ડબ સંસ્કરણ તેમની મુળ ભાષા કરતાં હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં સારી કમાણી કરવામાં સફળ રહી છે. જો કે, તેમનાં રાજ્યોમાં, તેમની સફળતાએ પ્રેક્ષકો કરતાં ટિકિટનાં ભાવ વધારા પર વધુ આધાર રાખ્યો છે.ઓર્મેક્સ મીડિયા ડેટા અનુસાર, ૨૦૨૩ ની તુલનામાં તેલુગુ ફિલ્મોની કમાણી ૨૦૨૪૧૩.૬ ટકામાં ઘટીને ૨૧.૩ કરોડ થઈ ગઈ છે.પ્રોડકશન હાઉસ એલિપ્સિસ એન્ટરટેઈનમેન્ટના મેનેજિંગ પાર્ટનર, તનુજ ગર્ગે કહ્યું કે ×જ્યારે હું તેલુગુ સિનેમા અને તેમની દ્રષ્ટિ, પ્રતીતિ અને સ્કેલની ખૂબ પ્રશંસા કરું છું, ત્યારે મને લાગે છે કે મીડિયા અને ટ્રેડ સર્કિટનો દાવો કરવામાં આવે છે કે તેઓ હિન્દી પર શાસન કરી રહ્યાં છે. × તેમણે કહ્યું કે ×કેટલીક ડબ તેલુગુ ફિલ્મો કે જેણે સારું પ્રદર્શન કર્યું છે તે એક અપવાદ છે.તાજેતરમાં તેલુગુ ફિલ્મ ગેમ ચેન્જર જે રૂ ૪૦૦-૪૫૦૦ કરોડનાં બજેટમાં બનાવવામાં આવી હતી તેને બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું નથી કારણ કે તેણે ત્રણ અઠવાડિયામાં ૧૫૦ કરોડથી ઓછા એકત્રિત કર્યા છે.

## પોલીસે જણાવ્યું કે આરોપીએ ચાર રાજયોમાં ૨૦૦ જેટલી ચોરીઓ કરી : તેની પાસેથી ૧૮૧ ગ્રામ સોનું અને 333 ગ્રામ ચાંદી મળી આવી

# ગુજરાત સહિતનાં રાજયોમાં ચોરી કરનાર પકડાયો : ગર્લફ્રેન્ડને 3 કરોડનો બંગલો ભેટમાં આપ્યો હતો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૬

બેંગલુરુ પોલીસે એક ચોરની ધરપકડ કરી છે જેણે ચોરી કરેલાં પૈસાથી તેની ગર્લફ્રેન્ડ માટે ઘર બનાવ્યું હતું. આરોપીની ઓળખ ૩૭ વર્ષીય પંચાક્ષરી સ્વામી તરીકે કરવામાં આવી છે. પોલીસે કહ્યું કે તેનો એક પ્રખ્યાત ફિલ્મ અભિનેત્રી સાથે સંબંધ છે.



આની સાથે, બેંગલુરુ પોલીસને ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવામાં સફળતા મળી છે. આરોપી મહારાષ્ટ્રનાં સોલાપુરનો છે. તે પરિણીત છે અને એક બાળકનો પિતા છે.તપાસમાં બહાર આવ્યું છે કે તેને ૨૦૦૩ માં ચોરી કરવાનું શરૂ કર્યું ત્યારે તે સગીર હતો. ૨૦૦૯ સુધીમાં તે એક કુખ્યાત ચોર બની ગયો હતો અને ગુના દ્વારા કરોડની મિલકત એકત્રિત કરી હતી.૨૦૧૪-૧૫ માં, તે એક પ્રખ્યાત અભિનેત્રીના સંપર્કમાં આવ્યો હતો અને તેની સાથે તેનો પ્રેમ સંબંધ થયો હતો. પૂછપરછ દરમિયાન, આરોપીઓએ કબૂલાત કરી કે તેણે અભિનેત્રી પર કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. તેણે કોલકાતામાં ૩ કરોડ રૂપિયાનું ઘર પણ બનાવ્યું અને અભિનેત્રીને ૨૨ લાખ રૂપિયાનું માછલીઘર પણ ભેટ આપ્યું હતું.

સ્વામીની ૨૦૧૬ માં ગુજરાત પોલીસે ધરપકડ કરી હતી અને છ વર્ષની સજા ફટકારી હતી. અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી મુક્ત થયાં પછી, તેણે ફરીથી ચોરી કરવાનું શરૂ કર્યું હતું. બાદમાં તેની ચોરી બદલ મહારાષ્ટ્ર પોલીસે ધરપકડ કરી હતી. ૨૦૨૪ માં જેલમાંથી છૂટીને તે બેંગ્લોર ચાલ્યો ગયો જ્યાં તેણે ઘરોમાં ચોરી અને લૂંટ ચલાવવાનું શરૂ કર્યું હતું.


૯ જાન્યુઆરીએ, તેણે બેંગ્લોરના માડીવાલા વિસ્તારમાં એક ઘરમાં ચોરી કરી. ગુપ્તચર માહિતી એકત્રિત કર્યા પછી પોલીસે તેને માડીવાલા બજાર વિસ્તાર નજીક ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન, તેણે બેંગલુરુમાં તેનાં એક સાથી સાથે ગુનાઓ કરવાની કબૂલાત કરી હતી. અધિકારીઓએ તેની પાસેથી ૧૮૧ ગ્રામ સોનું અને ૩૩૩ ગ્રામ ચાંદીનો માલ મળી આવ્યો છે.

## ગુજરાત તાઈવાનમાં સ્થાપશે ગ્લોબલ ઓફિસ : સેમીકન્ડકટર ચીપ ઈન્ડસ્ટ્રીઝને આવકારશે

# વિશ્વમાં સેમીકન્ડકટર અને તેના સાથે જોડાયેલા ઉદ્યોગો-ટેકનોલોજીમાં હબ બનેલા દેશમાં જનાર ગુજરાત પ્રથમ રાજય બનશે : આવકાર

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૬

ગુજરાત હવે મૂડીરોકાણ માટે ગ્લોબલ બની રહ્યું છે અને દેશમાં સેમી કન્ડકટરના ઉત્પાદનમાં પહેલ કરીને અમેરિકા સહિતની સેમીકન્ડકટર ચીપ ઉત્પાદક કંપનીઓને રાજયમાં તેના એસેમ્બલી લાઈન જેવા પ્લોટ નાખવા માટે પ્રોત્સાહીત કર્યા બાદ હવે તાઈવાન પર નજર છે.



ચીન નજીકના આ ટાપુ રાષ્ટ્ર તાઈવાન એ દુનિયામાં સેમીકન્ડકટર ચીપના ઉત્પાદનમાં સૌથી મોખરે છે અને અન્ય ટેકનોલોજીમાં પણ આ દેશ અગ્રણી છે અને હવે ગુજરાત સરકાર તાઈવાનના ચીપ ઉત્પાદકો અને તેના સંબંધીત ટેકનોલોજી સાથે જોડાયેલી કંપનીઓને ગુજરાતમાં રોકાણ કરવા અને પ્લોટ સ્થાપવા પ્રોત્સાહીત કરવા માટે પાટનગર તાઈપેઈમાં ગુજરાતની ઓફિસ સ્થાપવામાં આવશે.

દેશના કોઈ રાજયએ આ પ્રકારે ઉદ્યોગ-ટેકનોલોજી સંબંધી તેની ગ્લોબલ કંપની સ્થાપી હોય તો તે ગુજરાત પ્રથમ રાજય બનશે. તાઈવાનના પાટનગર તાઈપેઈમાં સ્થપાનારી આ ગુજરાત ગ્લોબલ ઓફિસ એ તે દેશના ઉદ્યોગો અને સાહસિકો સાથે સીધો સંપર્ક કરીને તેમનો ગુજરાત સાથે નાતો જોડશે.

દેશમાં મોદી સરકારે સીલીકોન ઈન્ડીયા પ્રોગ્રામ જે લોન્ચ કર્યા છે તે હેઠળ સેમીકન્ડકટર ઉત્પાદનમાં પાંચ પ્લોટ ભારતમાં સ્થપાનાર છે જેમાં ચાર ગુજરાતમાં હશે અને ઓટો ક્ષેત્ર માટે હબ બનેલા સાણંદ નજીક જીઆઈડીસીએ આમ ચીપ પેકેજીંગ ક્લસ્ટર માટે સુવિધા ઉભી કરી છે.

જેમાં અમેરિકી કંપની મીકોન ટેકનોલોજી ઉપરાંત સી.જી.સેમી અને કાયન્સ સેમીકોનએ પોતાના પ્લોટની શરૂઆત કરી દીધી છે. ધોલેરા પાસે ટાટા ઈલેકટ્રોનીકસ દેશના પ્રથમ પુર્ણ સેમીકન્ડકટર પ્લાંટને સ્થાપીત કરી રહી છે અને માર્ચ માસમાં ગુજરાતમાં જ રાષ્ટ્રીય સ્તરનો ઈન્ડીયન સેમીકન્ડકટર એન્ડ પેકેજીંગ ઈકોસીસ્ટમ કોન્ફરન્સ યોજાશે.

આ ઉપરાંત રાજય સરકાર સેમીકન્ડકટર ક્ષેત્રે કાર્યરત કંપનીઓના વૈશ્વિક વડાઓ અધિકારીઓ અને આ ક્ષેત્રે સંશોધન કરતા સાહસિકોને આમંત્રણ આપીને એક મોટા પરિસંવાદ કમ ટેકનોલોજી પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે. આમ આ બે ઈવેન્ટ ગુજરાતને સેમીકન્ડકટરના નકશામાં મહત્વનું સ્થાન આપશે.

## અબજોપતિ અદાણી પરિવારે મંગલ સેવાની ઘોષણા કરી

# ૫૦૦ નવ વિવાહિત દિવ્યાંગ કન્યાઓને કરિયાવર સહાય આપશે

અમદાવાદ,તા.૬

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના નાના પુત્ર જીત અદાણી પ્રભુતામાં પગલું માંડે તે પહેલા અદાણી પરિવારે 'મંગલ સેવા' ની માંગલિક ઘોષણા કરી છે. આ નવી વિવાહિત દિવ્યાંગ સન્નારીઓના સંસારી જીવનમાં વહારે થવા માટેનો કાર્યક્રમ છે.આ કાર્યક્રમ હેઠળ દર વર્ષે આવી ૫૦૦ સન્નારીઓ પ્રત્યેકને રુ. ૧૦ લાખની કરિયાવર સ્વરુપ સહાય આપવામાં આવશે.

પોતાના લગ્નના માત્ર બે દિવસ પહેલા પોતાના આવાસે જીત અદાણીએ પ્રભુતામાં પગલા પાડનારા ૨૧ દિવ્યાંગ યુગલોને નોતરું આપી તેઓને મળી સંસારી જીવનની



શુભકામનાઓ પાઠવીને આ કાર્યક્રમનું મંગલાચરણ કર્યું હતું.

ઉદ્યોગ સાથે સામાજીક જવાબદારી અદા કરવાના અદાણી પરિવારની પરંપરાનો વારસો જાળવી રાખવાનો આ પહેલ દ્વારા સંકેત આપનાર જીત તા. ૭મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદમાં દિવા શાહ સાથે લગ્નગ્રંથીથી જોડાનાર છે.

ગૌતમ અદાણીએ X (અગાઉ Twitterઉપર પોતાના હરખ વ્યકતા કરતા લખ્યું છે કે, તેમનો પુત્ર જીત અને પુત્રવધુ દીવા પોતાના લગ્ન જીવનની સફરની શરુઆતનો પ્રથમ અધ્યાય એક સદાચારી સંકલ્પ સાથે કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, જીત અને દિવાએ નવી પરિણીત ૫૦૦ દિવ્યાંગ સન્નારીઓને દસ લાખ રૂપિયાની આર્થિક સહાય પ્રદાન કરીને 'મંગલ સેવા' કરવાનું વચન આપ્યું છે.

તેમણે ઉમેર્યું કે આ માંગલિક પહેલ મારફત ઘણી દિવ્યાંગ દીકરીઓ અને તેમના પરિવારોને જીવનમાં ખુશી અને ગૌરવના માંડવારોપણ સાથે ઉત્સાહિત કરવામાં આવશે. સેવાના આ પથ પર આગળ વધવાનું ચાલુ રાખવા માટે તેમણે જીત અને દિવાને આશીર્વાદ આપ્યા છે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ મહાકુંભમાં : પવિત્ર સ્નાન પણ કરશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૬

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે કુંભમેળામાં ગંગા સ્નાન માટે જશે તેમની સાથે મંત્રી મંડળના કેટલાક સભ્યો પણ જોડાઈ તેવા સંકેત છે. ભુપેન્દ્ર પટેલ કુંભમેળામાં ગુજરાત પેવેલીયનની પણ મુલાકાત લેશે અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે પણ બેઠક યોજે તેવી ધારણા છે.

ગુજરાત સરકારે હાલમાં જ મહાકુંભમાં જવા ઈચ્છતા શ્રધ્ધાળુઓ માટે રાજ્યભરમાંથી ખાસ વોલ્વો બસની ટ્રીપ દોડાવી છે અને મહાકુંભમાં તેઓને રહેવા સહિતની સુવિધાઓ પણ આપી છે જેના કારણે રાજ્યભરમાંથી સેંકડો શ્રધ્ધાળુઓ કુંભમેળામાં જઈ રહ્યા છે અને કાલે મુખ્યમંત્રી ગુજરાતથી પહોંચેલા શ્રધ્ધાળુઓને પણ મળશે.

## હાથ - પગ બાંધેલા હોવાથી કાંઈ થઈ જ શકયુ ન હતુ

# ૧૦૪ ઈન્ડિયન્સની વેદના : ૪૦ કલાક ખીચોખીચ બેસાડી રખાયા : પુરતુ ખાવાનુ ન આપ્યુ : વોશરૂમ 'ઢસડાતુ' જવુ પડયુ હતું

(ગરવી તાકાત) અમદાવાદ તા.૭

અમેરિકામાં ગેરકાનુની રીતે વસવાટ કરતા ભારતીયોને આજે ભારત પર મોકલવામાં આવ્યા છે, પરંતુ હવે આ મુદો ચર્ચામાં આવ્યો છે. કારણ કે અમેરિકાથી ભારત આવનાર લોકોને બંધક તરીકે આપવામાં આવ્યા છે. તેઓના હાથ પગ બાંધી પ્લેન મારફતે મોકલવામાં આવ્યા છે.

ટ્રમ્પના માસ ડિપોર્ટેશન અભિયાનની પ્રથમ બેચમાં ૧૦૪ ઈન્ડિયન્સને ડિપોર્ટ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાત ૩૩ લોકોનો પણ સમાવેશ થાય છે. આ તમામ ૧૦૪ ભારતીયોને યુએસ મિલીટ્રી એરક્રાફટમાં ડિપોર્ટ કરવામાં આવ્યા.



ગઈકાલે પંજાબના અમૃતસરમાં બેન્ડ થયુ હતું. પરંતુ હવે તેઓના વાપસીના વિડીયો વાયરલ થયો છે.

જેમાં તેઓને હાથકડી પહેરાવવામાં આવી હતી અને પગ પણ બાંધી દેવામાં આવ્યા હતા. નાના જગ્યામાં વધુ પ્રમાણમાં લોકોને બેસાડવામાં આવતા લોકો સરખી રીતે બેસી પણ શકતા ન હતા.

૪૦ કલાક સુધી તેઓના હાથ-પગ સતત બાંધી રાખવામાં આવતા તેઓ પોતાની જગ્યાથી એક ઈંચ પણ ખસી શકતા ન હતા. વારંવાર વિનંતી કર્યા બાદ તેઓને ધસડતા-ધસડતા વોશરૂમ જવાની મંજુરી મળતી હતી. ક્રુ મેમ્બર વોશરૂમનો દરવાજો ખોલીને અંદર ધકેલી દેતા હતા.

૪૦ કલાકની મુસાફરીમાં ૧૦૪ લોકોને પુરતુ જમવાનુ પણ અપાયુ ન હતું. હાથકડી પહેરેલા હાથે ખાવાની ફરજ પડી હતી અને રજુઆતો બાદ પણ ક્રુ મેમ્બર દ્વારા માનસીક પીડા અપાઈ હતી. ભારતીય લોકોએ પોતાની યાતના રજુ કરી હતી.

# મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે. એ બે વખતને સાચવવાના છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય,તો ઠાકોર જીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો.બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાયછે ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે,ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું.એમ કહી શકતો નથી કે, હું ઈશ્વરને જાણતો નથી.પછી કંઈ કહેવા પણું રહેતું નથી.ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવ ભાવ ભૂલી ગઈ હતી.લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ.આ ગોપીઓનો મનોભાવ છે

આ શુદ્ધ અદ્વૈત છે,ત્યાં હું નથી કે તું નથી.હું કે તું નું અસ્તિત્વ જ રહેતું નથી.

શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી. સમ ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે.જીવનો અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે.તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ.મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે.

શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં.સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે,તેના થી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાણ પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી, જીવને માથ બાધક થાય છે.

ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. ઠાકોરજીનો અવતાર તમારા ઘરમાં થવો જોઈએ,મંદિરમાં નહીં માનવ શરીર એ ઘર છે, અને એજ મંદિર છે.



પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે.કોઈપણ ધર્મ માં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન,બુદ્ધિ,ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી

અંતઃકરણ શુદ્ધ થાય છે. પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય.બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર.આહ એટલે શ્રેષ્ઠ દિવસ. જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ.સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો,એ વરાહનું અવતારનું રહસ્ય છે.ત્રીજો અવતાર નારદજીનો એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે,તેને નારદ એટલે ભક્તિ મળે નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણનો. ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે, પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દૃઢ થાય નહીં. ભક્તિ સાથે જ્ઞાન- વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કિપલદેવનો એટલે કે જ્ઞાન-વૈરાગ્યનો.ભક્તિ જ્ઞાન- વૈરાગ્ય સાથે હશે, તો કાયમ ને માટે રહેશે.

છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચ ગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ,જ્ઞાન અને વૈરાગ્ય તમારા માં આવશે,તો તમે ગુણાતીત થશો.તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે.

ઉપરના છ અવતારો બ્રાહ્મણ માટે ના તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે.સાતમો અવતાર યક્ષનો આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો,દસમો મત્સર નારાયણનો.આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે.તે ક્ષાત્ર ધર્મનો આદર્શ બતાવે છે.

અગિયારમો અવતાર કૂર્મનો. બારમો અવતાર ધન્વંતરીનો, તેરમો અવતાર મોહિની નારાયણ નો. આ અવતાર વૈશ્ય માટેના છે.

ચૌદમો અવતાર નૃસિંહ ભગવાન નો, એ પુષ્ટિનોઅવતાર છે. પ્રહલાદ ઉપર કૃપા કરી છે. પ્રહલાદ જેવી દૃષ્ટિથી જુઓ તો થાંભલામાં ભગવાનનાં દર્શન થશે. ઈશ્વર સર્વ વ્યાપક છે એમ બોલવાનું નથી, તેનો અનુભવ કરવાનો છે. પંદરમો અવતાર વામન ભગવાનનો છે. બલિ રાજા પૂર્ણ નિષ્કામ છે. માથે ભક્તિનું છત્ર છે અને ધર્મનું બખ્તર પહેર્યું છે.તેને ભગવાન પણ મારી શકતા નથી.આ છે વામનચરિત્રનું રહસ્ય પરમાત્મા મોટા છે.તો પણ બલિ રાજા આગળ તેઓ વામન એટલે કે નાના બન્યા છે.

સોળમો અવતાર પરશુરામનો છે. આ આવેશ-અવતાર છે. સત્તરમો વ્યાસ નારાયણનો અવતાર, અઢારમો રામજીનો અવતાર. તે મર્યાદા પુરુષોત્તમનો અવતાર છે. રામજીની મર્યાદાઓ નું પાલન કરો એટલે તમારામાં કામ મરશે અને કનૈયો આવશે. ઓગણીસમો અવતાર શ્રીકૃષ્ણનો શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે પૂર્ણ પુરુષોત્તમ.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ એક જ છે. મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે. એ બે વખતને સાચવવાના છે. એકમાં રામજીને યાદ કરો અને બીજામાં શ્રીકૃષ્ણને.રામજીના મર્યાદાનું પાલન કરો, તો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ પુષ્ટિ એટલે કૃપા કરશે.

એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે. રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં. એકના નામના અક્ષર સરળ,બીજાના જોડાક્ષર. ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી. રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણ એ જોડાક્ષર છે. સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર.જેના ઘરમાં રામજી ન પધારે,ત્યાં શ્રીકૃષ્ણ આવતા નથી. આ બે સાક્ષાત્પૂર્ણ પુરુષોત્તમ અવતાર છે. બાકીના સર્વ અવતારો અંશાવતાર છે. અલ્પકાળ માટે તથા અલ્પ જીવ ના ઉદ્ધાર માટે જે અવતાર થાય છે તે અંશાવતાર અને જે અનંત કાળ માટે તથા અનંત જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર થાય તે પૂર્ણાવતાર. ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર પ્રાપ્ત થાય.

તે પછી હરિ,કલ્કિ,બુદ્ધ આદિ મળી ચોવીસ અવતારો થયા છે. પરમાત્માના ચોવીસ અવતાર પરમાત્મા શબ્દમાંથી જ નીકળે છે પ એટલે પાંચ ર એટલે બે,મા એટલે સાડા ચાર,અર્ધો.ત્ એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડા ચાર. ભગવાન વેદવ્યાસે ભાગવત ચરિત્રોથી પરિપૂર્ણ ભાગવતનામનું પુરાણ બનાવ્યું.શૌનકજીએપૂછ્યું કે,વ્યાસજી એ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેન પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો.અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે,તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## મહેસાણા જિલ્લા કલેક્ટર એમ.નાગરાજનની બઢતી સાથે બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

# કલેક્ટર એમ નાગરાજને જિલ્લામાં કરેલ કામગીરીના સંસ્મરણો યાદ કરી સહકાર બદલ તમામ અધિકારી કર્મયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો

### જિલ્લા કલેક્ટરની કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવતા જિલ્લા વિકાસ અધિકારી ડૉ.હસરત જૈસમીન







(ગરવી તાકાત) મહેસાણા તા.૬

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજનની ગાંધીનગર ખાતે જીઈડ્ઝ માં વાઈસ ચેરમેન અને સ્ઢ તરીકે બઢતી સાથે બદલી થતાં વિદાય સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજને બે વર્ષ દરમિયાન મહેસાણા જિલ્લામાં કરેલ કામગીરીના સંસ્મરણો યાદ કરી અનુભવો વર્ણવ્યા હતા અને આ બે વર્ષ દરમિયાન તેમને મળેલ સહકાર બદલ તમામ અધિકારી, કર્મયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, મહેસાણા ગુજરાતની તાસીર નક્કી કરે છે, આવી જગ્યાએ કામ કરવાની તક મળી એ મારા માટે નસીબની વાત છે અને મેં જે આ જિલ્લાને આપ્યું એનાથી વધારે મને મહેસાણા જિલ્લાએ આપ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, મહેસાણા એ ડેવલોપમેન્ટ લેબોરેટરી છે. આ મહેસાણામાં શરૂ થયેલું અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ અને ઈનોવેશન મિશન આગામી સમયમાં આ વિસ્તાર માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ હસરત જૈસમીને કલેકટરશ્રી એમ. નાગરાજનને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જિલ્લા કલેકટર શ્રી એમ નાગરાજન મહેસાણા જિલ્લા માટે અલોપ્ય શાહી છે. તેમના કાર્યકાળમાં થયેલ કામગીરી મહેસાણા જિલ્લાને હંમેશા યાદ રહેશે. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટરશ્રી જે. કે. જેગોડાએ જિલ્લા કલેકટરશ્રીને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે કલેક્ટરશ્રીએ શ્રેષ્ઠતમ લીડરશીપનું ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમના માર્ગદર્શનમાં કામ કરીને અનેક કાર્યો સરળ રીતે પૂર્ણ થયા છે અને તેમના દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન મિશન આગામી સમયમાં જિલ્લા માટે ખૂબ મહત્વનું સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેકટરશ્રી એમ નાગરાજને મહેસાણા જિલ્લા કલેકટર તરીકેનો પદભાર ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સાંભળ્યો હતો.

આ પ્રસંગે કડી પ્રાંત અધિકારીશ્રી આશિષ મિયાત્રા, DILR શ્રી રવિરાજસિંહ ઝાલા, ડેપ્યુટી કલેકટરશ્રી ઋતુરાજસિંહ જાદવે જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શનમાં ઘણું શીખવા મળ્યું છે તેમ જણાવી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરુણ દુગ્ગલ, મ્જીઃ કમાન્ડન્ટશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમેરિકા મોકલવા એજન્ટોનું નેટવર્કઃ કલોલ - માણસા 'અડ્ડા'

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૬

અમેરીકન સૈન્ય વિમાન ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને લઈને આવી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન તરફથી કાર્યકાળ સંભાળ્યા બાદ દેશના પ્રવાસીઓ પર આ પહેલી કાર્યવાહી છે. વિમાનમાં કુલ ૧૦૪ ડિપોર્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૩૭ લોકો ગુજરાતના છે. તેમાંથી ગાંધીનગર જિલ્લાના ૧૭ વ્યકિતઓનો સમાવેશ થાય છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસામાં છેલ્લા ઘણા સમયથી અમેરીકા મોકલવા માટે ખાસ પ્રકારના એજન્ટ કામ કરી રહ્યા છે. જે વ્યકિતદીઠ ૭૫ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયાની રકમ વસૂલી રહ્યા છે. ત્યારબાદ લોકોને અમેરીકા પહોંચાડવા માટે અલગ અલગ દેશોમાં થઈને લઈ જવામાં આવે છે.

માણસા તાલુકાના બોરૂ ગામનો એક પરિવાર એક મહિના અગાઉ જ અમેરીકા ગયો હતો અને ત્યાં પકડાઈ ગયા બાદ હવે તેમને પરત મોકલી દેવામાં આવ્યા છે. આ લોકોમાંથી ઘણાના માતા-પિતા તો આ વિશે કશું જાણતા જ નથી તો અમુક પરિવારજનો પોતાના મકાન બંધ કરીને સગા-સબંધીઓને ત્યાં જતા રહ્યા છે. હાલ આ મામલે સરકારે તપાસ હાથ ધરી છે. જેમાં ગેરકાયદે રીતે અમેરીકા મોકલતા એજન્ટ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## પાલનપુર RTO કચેરીમાં ટેક્નિકલ ઓફિસર્સનો તેમના પડતર પ્રશ્નોને લઈને આક્રોશ, આંદોલનની ચીમકી

(ગરવી તાકાત) પાલનપુર તા.૬

પાલનપુર આરટીઓ કચેરીમાં આજે ટેક્નિકલ ઓફિસર્સે તેમના પડતર પ્રશ્નોના નિરાકરણની માંગને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કર્મચારીઓએ કચેરી પરિસરમાં ઘંટનાદ કરીને સૂત્રોચ્ચાર સાથે તેમનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન ટેક્નિકલ ઓફિસર્સે જણાવ્યું કે લાંબા સમયથી તેમની વિવિધ માંગણીઓ પ્રત્યે સરકાર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. આ માંગણીઓના નિરાકરણ માટે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી,



પરંતુ કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા આજે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કર્મચારી નેતાઓએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. આ વિરોધ પ્રદર્શનને કારણે કચેરીના કામકાજ પર અસર પડી હતી અને નાગરિકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## ગાબડાના કારણે કેનાલનું પાણી ખેડતોના ખેતરોમાં ફરી વળ્યું

# થરાદના ભોરોલ માઇનોરની ચોટીલ કેનાલમાં ૨૦ ફૂટનું ગાબડું; જીરાના પાકને લાખોનું નુકસાન, ખેડૂતોની વળતરની માંગણી

(ગરવી તાકાત) થરાદ તા.૬

થરાદ તાલુકાના ભોરોલ માઈનોર કેનાલની ચોટીલ શાખામાં ૨૦ ફૂટનું મોટું ગાબડું પડવાની ઘટના સામે આવી છે. આ ગાબડાને કારણે કેનાલનું પાણી ખેડૂતોના ખેતરોમાં ફરી વળ્યું હતું, જેમાં ખાસ કરીને જીરાના પાકને વ્યાપક નુકસાન થયું છે.



સ્થાનિક ખેડૂત ઓખાભાઈ પ્રજાપતિના ખેતરમાં પડેલા ગાબડાને કારણે તેમની ત્રણ એકર જમીનમાં વાવેલા જીરાના પાકમાં પાણી ફરી વળ્યું હતું. પાક લગભગ તૈયાર થવાના આરે હતો ત્યારે આ ઘટના બની હોવાથી ખેડૂતને લાખો રૂપિયાનું નુકસાન થયું છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, કેનાલમાં પહેલાથી તિરાડો પડેલી હતી, જેના કારણે આ મોટું ગાબડું પડ્યું છે. નર્મદા નહેર ખેડૂતો માટે જીવાદોરી સમાન હોવા છતાં, હલકી ગુણવત્તાના બાંધકામને કારણે વારંવાર આવી ઘટનાઓ બને છે.

ખેડૂતોએ નર્મદા નિગમની ઘોર બેદરકારી સામે રોષ વ્યક્ત કર્યો છે અને નુકસાન પામેલા ખેડૂતોને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે. આ ઘટના ખેડૂતોની આજીવિકા પર સીધી અસર કરનારી છે અને સરકારી તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## હિંમતનગરમાં મહાકાલી મંદિરનો ત્રિદિવસીય મહોત્સવ

# ૧૦૮ કળશની સાથે નીકળી રંગારંગ શોભાયાત્રા સાથે માતાજી-ગણપતિ-ભૈરવની પ્રતિમા બગીમાં બિરાજમાન

(ગરવી તાકાત) હિંમતનગર તા.૬

હિંમતનગરના કેનાલ ફ્રન્ટ પર સ્થિત શ્રી શક્તિનગર મહાકાલી મંદિરના ત્રિદિવસીય પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો બુધવારથી ભવ્ય પ્રારંભ થયો છે. મહોત્સવના બીજા દિવસે ગુરુવારે સવારે યજ્ઞશાળામાં વિધિવત પૂજન-અર્ચન અને હવન કરવામાં આવ્યા બાદ મંદિરેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રામાં ૧૦૮ પવિત્ર કળશ સાથે મહાકાલી માતાજી, ગણપતિ દાદા અને ભૈરવ દાદાની પ્રતિમાઓને વિશેષ શણગારેલી બગીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. અન્ય એક વાહનમાં ધજા દંડ અને કળશને સન્માનપૂર્વક મૂકવામાં આવ્યા હતા.

શોભાયાત્રાએ મંદિરથી પ્રારંભ



કરી, નમસ્તે સર્કલ અને જૂની જિલ્લા પંચાયત થઈને શક્તિનગર વિસ્તારમાં પરિભ્રમણ કર્યું હતું અને અંતે નિજ મંદિરે પરત ફરી હતી. આ ધાર્મિક શોભાયાત્રામાં મંદિરના સ્થાનિક ભક્તો, દાતાઓ અને મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભક્તિભાવથી તરબતર ભક્તોએ ગાયકો પર ?૨૦ની નોટોનો વરસાદ વરસાવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન સમગ્ર વિસ્તારમાં ધાર્મિક વાતાવરણ જોવા મળ્યું હતું.

## જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ તારીખ ૨૭/૦૨/૨૦૨૫ ના રોજ યોજાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ મહેસાણા જિલ્લાના લોકોની ફરીયાદ ના નિરાકરણ માટે ×જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ તારીખઃ- ૨૭/૦૨/૨૦૨૫ ના રોજ યોજવામાં આવનાર છે. આ અંગે મહેસાણા જિલ્લાના જે લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ પોતાના પ્રશ્નો કચેરી કામકાજ ના સમય દરમિયાન તા.૧૦/૦૨/૨૦૨૫ સુધીમાં કલેકટર કચેરી, રજિસ્ટ્રી શાખા, મહેસાણા ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

આ માટે, કર્મચારીઓની નોકરી બાબતના પ્રશ્નો, કોર્ટ કેસો, ન્યાયીક કે અર્ધ ન્યાયીક બાબતો ચાલુ હોય તેવા પ્રશ્નો તેમજ અગાઉ રજુ કરેલ પ્રશ્નો પુનઃ રજુ કરી શકાશે નહી. એક અરજીમાં એક જ પ્રશ્નની રજુઆત કરવાની રહેશે.

એક કરતાં વધુ પ્રશ્નો હોય તો પ્રશ્નવાર અને ખાતાવાર અલગ અલગ અરજી કરવાની રહેશ. આ માટેના પ્રશ્ન અંગેની અરજીના મથાળે ×જિલ્લા કક્ષાના ફરીયાદ નિવારણ કાર્યક્રમ અંગેનો પ્રશ્ન★ તેમ લખાણ કરવાનું થશે એમ નિવાસી અધિક કલેકટર મહેસાણા શ્રી જે. કે. જેગોડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ધો-૧૦ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં મૂંઝવણ ના અનુભવે તે માટે ડીજીટલ પ્લેટફોર્મ તૈયાર

(ગરવી તાકાત) પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિદ્યાર્થીના હિતમાં નવીન પહેલ કરવામાં આવી છે. જિલ્લાના ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં મૂંઝવણ ના અનુભવે તે માટે ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાયું છે. જિલ્લાના તજજ્ઞ અંગ્રેજી શિક્ષકો દ્વારા તૈયાર કરેલ સફળતાનું પંચામૃત ડીજીટલ સ્વરૂપે લોન્ચ કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી ડો.હિતેશ પટેલે જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ના બોર્ડના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં બોર્ડના પેપરો લખવામાં સરળતા રહે અને પેપરનું માળખું ઘરે બેઠા વ્યવસ્થિત સમજી શકે તથા જે પ્રશ્ન અને જવાબમાં કોઈ સમજણ ના પડે ત્યારે ડીજીટલ સફળતાનું પંચામૃત બનાવેલું છે તેનો ઉપયોગ કરી વિડીયો દ્વારા સરળતાથી સમજણ આપવામાં આવી છે. જિલ્લાના અંગ્રેજી વિષયના તજજ્ઞ શિક્ષકો દ્વારા સફળતાનું પંચામૃત ડીજીટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.આ પ્લેટફોર્મ દ્વારા જિલ્લા અથવા રાજ્યના કોઈપણ ખૂણે બેઠેલ ધોરણ-૧૦ નો વિદ્યાર્થી બોર્ડનું અંગ્રેજી વિષયનું પેપરનું માળખું સરળતાથી સમજી શકશે. આની ભવ્ય સફળતા બાદ થોડા જ સમયમાં ધોરણ-૧૦ અને ૧૨ ના બીજા વિષયના ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે.

# સંક્ષિપ્ત સમાચાર

## નાની કડી ખાતે ૦૮ અને ૦૯ ફેબ્રુઆરીએ ઉત્તર ઝોન પ્રદેશકક્ષાનો બે દિવસીય કલા મહાકુંભ યોજાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૬

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી મહેસાણા સંચાલિત ઉત્તરઝોન પ્રદેશકક્ષાનો બે દિવસીય કલા મહાકુંભ -૨૦૨૫ નાની કડી ખાતે ૦૮ અને ૦૯ ફેબ્રુઆરીએ યોજાશે .શ્રી ડી.જે. પટેલ કન્યા વિદ્યાલય, નાની કડી ખાતે તારીખ ૦૮ મી ફેબ્રુઆરી સવારે ૯:૩૦ કલાકે પ્રારંભ કરાશે. આ કલા મહાકુંભમાં વિવિધ ૩૦ સંસ્કૃતિ પ્રવૃત્તિઓ કરવામાં આવશે તેમજ ૧૦ જિલ્લાના સ્પર્ધકો ભાગ લેશે .એમ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી પારુલબેન પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

### થરા ખાતે પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જગદીશ ઠાકોરની ઉપસ્થિતિમાં

## જય બાપુ જય ભીમ જય સંવિધાન બચાવો કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) કાંકરેજ તા.૬

થરા ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખના પૂર્વ અધ્યક્ષ અને સી ડબલ્યુ સી ના મેમ્બર જગદીશ ઠાકોર ની ઉપસ્થિતિમાં સંવિધાન બચાવો રેલી નું આયોજન કરાયું હતું રેલી પૂર્વ નગરપાલિકા રોડ પર જાહેર મિટિંગમાં આયોજન કરાયું હતું આ પ્રસંગે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે અત્યારે ખોટા લોકોની બોલબાલા છે ભાજપની સરકારે બંધારણ માં ફેરફાર કરી આંબેડકર જી નું અપમાન કર્યું છે અમે આ માટે ગામે ગામ અને તાલુકે તાલુકે બંધારણ બચાવવા પત્રિકાઓ સાથે રેલી કાઢીશું ગાંધીજી અને આંબેડકર જી ના અપમાન માટે વિરોધ ચાલુ રહેશે અને સરકાર ની હિટલર શાહી નો વિરોધ કરીશું તેમ જણાવ્યું હતું આ કાંકરેજ ના ધારાસભ્ય અમૃતજી ઠાકોર,પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત ભૂપતજી. મકવાણા.,કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમેતી પ્રમુખ ગોપાલ સિંહ સોલંકી , પુરણસિંહ વાઘેલા, પર્વ પ્રમુખ થરા નગરપાલિકા વિનોદજી ઠાકોર, મહિપતસિંહ વાઘેલા ,લાલભા વાઘેલા.બાલાજી ઠાકોર ઈદ્રમાણા.બચુજી. જોરાજી ઠાકોર ચેખલા.સહિત કોંગ્રેસ ના કાર્યકરો અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા

## સાવરકુંડલામાં આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી



(ગરવી તાકાત) સાવરકુંડલા તા.૬

સાવરકુંડલામાં તાત્કાલિક હનુમાનજી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત તાત્કાલિક હનુમાનજી આશ્રમ નાવલી નદી કાંઠે ખાતે આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં નાના બાળકો તેમજ ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ સેવા કાર્યમાં માતાજીની વિશેષ પૂજા કરવામાં આવી હતી, જેમાં ભાવિકોએ ભક્તિભાવથી માતાજીની આરાધના કરી હતી. ત્યારબાદ ખોડીયાર માતાજીનો હવન કરવામાં કરવામાં આવ્યો હવન બાદ બાળકો માટે બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ બાળકોએ સાથે મળીને પ્રસાદ લીધો હતો.

તેમજ ખોડીયાર માતાજીના ગુણગાન ગાવામાં આવ્યા હતા અને ભક્તિમય વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું હતું.જેનાથી વાતાવરણમાં એક અનેરી આધ્યાત્મિકતાનો અનુભવ થયો હતો. આ મંદિર નાવલી નદીના અવતરણ પ્રસંગેનું માનવામાં આવે છે. આ મંદિર ઘણું જૂનું છે અને ખોડીયાર માતાજી પ્રત્યે ભાવિકોની અતૂટ શ્રદ્ધા રહેલી છે. ખોડિયાર માતાજીએ ઘણા લોકોના દુઃખ દૂર કર્યા છે અને તેમની મનોકામનાઓ પૂર્ણ કરી છે. ખોડિયાર માતાજીની ભક્તિ કરવાથી માનસિક શાંતિ મળે છે અને જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. જે લોકો સાચા દિલથી ખોડિયાર માતાજીની ભક્તિ કરે છે, તેઓની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. તો આ રીતે આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી, જેમાં સૌ ભાવિકોએ આનંદ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.



Volume : 10 Issue : 306 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002